For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ભારે વરસાદથી પાણી ભરાવાની સાથે ખાડીપૂરને કારણે અસરગ્રસ્તોના ખાતામાં સીધી રકમ જમા થશે

# સુરત માટે વિશેષ પેકેજ જાહેર થશે: હર્ષ સંઘવી

**સુરતમાં** વરાછા બેંકના કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની જાહેરાત

**કોને** કેટલું નુકસાન થયું? તેનો 72 કલાકમાં ઝીણવટભર્યો સરવે પૂરો કરી દેવાશે

**સરવેનો** રિપોર્ટ સીધો મુખ્યમંત્રીને અપાશે અને ત્યારબાદ પેકેજની જાહેરાત કરાશે




સુરતઃ સુરત શહેર ઉપરાંત જિલ્લામાં તૂટી પડેલા ભારે વરસાદને કારણે સુરતમાં પાણી ભરાવાથી માંડીને ખાડીપૂરને કારણે સુરતમાં લોકો ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. પાણીને કારણે રહેણાંક વિસ્તારો અને વ્યાપારી વિસ્તારોમાં સર્જાયેલી વ્યાપક તારાજીને પગલે આ આર્થિક ફટકામાંથી લોકોને બહાર લાવવા આગામી દિવસોમાં મુખ્યમંત્રી દ્વારા વિશેષ પેકેજ જાહેર કરવામાં આવશે તેમ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

સુરતમાં વરાછા બેંકના એક કાર્યક્રમમાં બોલતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં ઓચિંતા તૂટી પડેલા આભ અને પૂરના કારણે સુરતે ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. લોકો, વેપારીઓ અને નાના ઉદ્યોગકારોની હાલત ખરાબ થઈ જવા પામી છે. આ સંજોગોમાં કુદરતી આપદાના કારણે સુરતના જનજીવનને જે મોટો આર્થિક ફટકો પડ્યો છે, તેમાંથી લોકોને બહાર લાવવા માટે મુખ્યમંત્રી દ્વારા ખૂબ જ ટૂંક સમયમાં એક મોટું અને વિશેષ રાહત પેકેજ જાહેર કરવામાં આવશે. આવનારા 72 કલાક એટલે કે મંગળવાર કે બુધવાર સુધીના

...અનુસંધાન પાના 5 પર

## ખાડીપૂર વિશે નિષ્ણાતોની ટીમ વૈજ્ઞાનિક આંકલન કરી રહી છે

**સરકીટ** હાઉસ ખાતે યોજાયેલી તમામ ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા સમીક્ષા કરવામાં આવી

સુરત : સુરત શહેરમાં ભારે વરસાદ અને ઉપરવાસમાંથી આવેલા ખાડીપૂરના કારણે અનેક રહેણાંક, વ્યાવસાયિક અને ઔદ્યોગિક વિસ્તારોમાં થયેલી નુકસાની બાદ ચાલી રહેલી રાહત અને પુનર્વસન કામગીરીની સમીક્ષા માટે સુરત સર્કિટ હાઉસ ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા પ્રભારી અને નાણા મંત્રી કનુ દેસાઈ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં પૂર બાદની રાહત, સ્વચ્છતા, આરોગ્ય અને ભવિષ્યના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં 3,300થી વધુ લોકોને રાહત કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. ભારે વરસાદ અને ખાડીપૂરની પરિસ્થિતિનું નિષ્ણાતોની અલગ ટીમ દ્વારા વૈજ્ઞાનિક મૂલ્યાંકન પણ કરવામાં આવી રહ્યું છે. પૂર અને

...અનુસંધાન પાના 5 પર

સંશોધક ડો. પંકજ ગાંધીની ઇન્ટિગ્રેટેડ અર્બન ફ્લડ મેનેજમેન્ટ સિસ્ટમ અમલમાં મૂકવાની માંગ

# બેઠકોથી કંઇ નહીં થાય વિદેશી ટેક્નોલોજી અપનાવવી પડશે

**ચીનના** સ્પોન્જ સિટીમાં વરસાદી પાણીનો સંચય, રિચાર્જ અને કુદરતી શોષણ પર ભાર મુકાયો છે

**સિંગાપોરમાં** સ્માર્ટ ડ્રેનેજ સિસ્ટમનું એકીકરણ અને નેધરલેન્ડમાં કુદરતી જળમાર્ગોનું સંરક્ષણ કરાયું છે

**ચીન**, નેધરલેન્ડ અને જાપાનની જેમ આયોજનો કરો તો જ ખાડીપૂર અટકશે



સુરતઃ છેલ્લા કેટલાક વર્ષોથી સુરતમાં ભારે વરસાદની સ્થિતિમાં પાણીનો ભરાવો અને ખાડીપૂરને નાથવું હોય તો ચીન, સિંગાપોર, નેધરલેન્ડ અને જાપાનની જેમ ટેકનોલોજી અપનાવવી પડશે તેમ શહેરી પૂર વ્યવસ્થાપન, ક્લાઇમેટ રિઝિલિયન્સ અને સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રના સંશોધક ડો. પંકજ ગાંધીએ જણાવ્યું છે. તેમના જણાવ્યા મુજબ વિશ્વના અનેક શહેરોએ ભારે વરસાદને કારણે સર્જાતા શહેરી પૂરના પડકારનો સફળતાપૂર્વક સામનો કર્યો છે. સુરત મહાનગરપાલિકા, સુડા, રાજ્ય સરકાર અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આ શહેરોના સફળ મોડેલોનો અભ્યાસ કરી સુરતની ભૌગોલિક, હવામાન અને શહેરી પરિસ્થિતિને અનુરૂપ લાંબા ગાળાની પૂર વ્યવસ્થાપન યોજના તૈયાર કરવી જોઈએ.

ડો. પંકજ ગાંધીએ કહ્યું હતું કે, ચીનના 'સ્પોન્જ સિટી' મોડેલમાં

...અનુસંધાન પાના 5 પર

### પાણીનો ભરાવો અને ખાડીપૂરનાં કારણો

- ટૂંકા ગાળામાં અતિભારે વરસાદ,તાપી નદીમાં ભરતી (High Tide) દરમિયાન વરસાદી પાણીના નિકાલમાં અવરોધ,
- કુદરતી ખાડીઓ અને વરસાદી પાણીના માર્ગો પર થયેલા દબાણો,
- સ્ટોર્મ વોટર ડ્રેનેજ સિસ્ટમની અપૂરતી ક્ષમતા, વધતું કોંક્રીટીકરણ અને વરસાદી પાણીના કુદરતી શોષણમાં ઘટાડો,
- વરસાદી પાણીના સંચાલન માટે લાંબા ગાળાના વૈજ્ઞાનિક આયોજનનો અભાવ.
- સુરત માટે હવે માત્ર ડ્રેનેજ સુધારવાથી સમસ્યાનો ઉકેલ આવશે નહીં, પરંતુ સમગ્ર શહેર માટે ઇન્ટિગ્રેટેડ અર્બન ફ્લડ મેનેજમેન્ટ સિસ્ટમ અમલમાં મૂકવાની જરૂર છે.

### મુખ્ય ભલામણો : સુરત અર્બન ફ્લડ મેનેજમેન્ટ ઓથોરિટીમાં કાયમી સંકલિત સત્તામંડળની રચના કરો

૧. AI આધારિત સંકલિત ફ્લડ કંટ્રોલ સેન્ટરઃ ભારતીય હવામાન વિભાગની વરસાદની આગાહી, તાપી નદીનું જળસ્તર, શહેરની ખાડીઓનું જળસ્તર અને ભરતીની સ્થિતિને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર સંકલિત કરીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત નિર્ણય વ્યવસ્થા વિકસાવવી.

૨. ખાડીઓનું પુનઃજીવનઃ શહેરની તમામ મુખ્ય ખાડીઓનું દર વર્ષે ડીસિલ્ટિંગ કરવું, ગેરકાયદેસર દબાણો દૂર કરવાં, જરૂરી હોય ત્યાં પહોળાઈ અને ઊંડાઈ વધારવી તથા કુદરતી પાણીના પ્રવાહને પુનઃસ્થાપિત કરવો.

૩. સ્માર્ટ ડ્રેનેજ સિસ્ટમઃ આધુનિક SCADA નિયંત્રિત પંપિંગ સ્ટેશનો, ઓટોમેટિક ગેટ્સ તથા ઉચ્ચ ક્ષમતાવાળી સ્ટોર્મ વોટર ડ્રેનેજ વ્યવસ્થા ઉભી કરવી.

૪. IoT આધારિત પાણીના સ્તરની દેખરેખઃ મોટા વરાછા, સીમાડા, કતારગામ, ડભોલી, લીંબાયત સહિત તમામ સંવેદનશીલ વિસ્તારોમાં રિયલ-ટાઇમ પાણીના સ્તર માપતા સેન્સર સ્થાપિત કરવાં.

૫. નાગરિકોને સમયસર ચેતવણીઃ મોબાઈલ એપ્લિકેશન, SMS અને સોશિયલ મીડિયા દ્વારા વિસ્તારવાર ગ્રીન, યેલો, ઓરેન્જ અને રેડ એલર્ટની વ્યવસ્થા વિકસાવવી.

૬. વરસાદી પાણીનું સંચય અને ભૂગર્ભ જળ રિચાર્જઃ નવી હાઉસિંગ સ્કીમો, કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને મોટા કેમ્પસોમાં રેઇન વોટર હાર્વેસ્ટિંગ, રિચાર્જ વેલ, પરમિયેબલ પેવમેન્ટ અને ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફરજિયાત કરવું.

૭. ડિજિટલ ટ્વીન દ્વારા પૂર્વ આયોજનઃ સમગ્ર સુરત શહેરનું 3D ડિજિટલ મોડેલ તૈયાર કરીને વિવિધ પ્રકારના વરસાદ અને ભરતીની સંભવિત પરિસ્થિતિઓનું અગાઉથી સિમ્યુલેશન કરી યોગ્ય આયોજન કરવું.

૮. વોર્ડવાઈઝ ફ્લડ એક્શન પ્લાનઃ દરેક વોર્ડ માટે અલગ પૂર વ્યવસ્થાપન યોજના, બચાવ માર્ગો, રાહત કેન્દ્રો અને ઇમરજન્સી પ્રતિસાદ વ્યવસ્થા તૈયાર કરવી.

૯. સુરત અર્બન ફ્લડ મેનેજમેન્ટ ઓથોરિટીઃ સુરત મહાનગરપાલિકા, સુડા, જળસંપત્તિ વિભાગ, ભારતીય હવામાન વિભાગ, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, શૈક્ષણિક સંસ્થાઓ અને નિષ્ણાતોને સાથે રાખી કાયમી સંકલિત સત્તામંડળની રચના કરવી.

# મીઠીખાડીમાં પૂરના પાણી ઊતર્યાના બે દિવસ બાદ પણ ગંદકી યથાવત

**કોંગ્રેસના** પૂર્વ કોર્પોરેટરે કમિશનર, કલેક્ટરને પત્ર લખી કડક કાર્યવાહીની માંગ કરી



સુરતઃ શહેરના લિંબાયત (સાઉથ-ઈસ્ટ) ઝોનમાં ખાડીપૂરનું પાણી ઓસર્યાને બે દિવસ વીતી ગયા હોવા છતાં અનેક સ્લમ વિસ્તારોમાં સફાઈ કામગીરી અધૂરી રહેતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રસ્તાઓ પર કાદવ, કચરો અને દુર્ગંધના કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ વચ્ચે કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન અને કલેક્ટર તેજસ પરમારને પત્ર લખી બેદરકાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ગત 7 જુલાઈએ મીઠીખાડીમાં આવેલા પૂરના કારણે લિંબાયત વિસ્તારના અનેક ગરીબ અને શ્રમિક વસાહતોમાં પાંચથી પંદર ફૂટ સુધી પાણી ભરાયાં હતા. 9 જુલાઈની સાંજ સુધીમાં પાણી ઓસરી ગયું હોવા છતાં 11 જુલાઈની સાંજ સુધી અનેક

...અનુસંધાન પાના 5 પર

# બે દિવસ સુધી કલાકના 50થી 60 કિમી ઝડપે પવન ફુંકાશે

**શનિવારે** 25 કિમીને ઝડપે પવન ફુંકાયો, દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા વરસાદની સંભાવના

સુરતઃ સુરત શહેરમાં વરસાદના વિરામ બાદ શનિવારે વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ શહેરમાં ભારે પવન ફૂંકાયા હતા. જોકે વરસાદ ન વરસતાં ભેજનું પ્રમાણ યથાવત રહેતાં બફારાનો પણ અનુભવ થયો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ શહેરનું મહત્તમ તાપમાન આંશિક ઘટાડા સાથે 32.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 28.3 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાં 81 ટકા ભેજ નોંધાયો હતો અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 25 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. તેજ પવનના કારણે દિવસ દરમિયાન વાતાવરણમાં ઠંડકનો અહેસાસ થયો હતો. બીજી તરફ હવામાન વિભાગે જણાવ્યું છે કે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં આગામી સાત દિવસ દરમિયાન અમુક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. હાલ ચોમાસાની ટ્રફ શ્રીગંગાનગર અને હિસાર થઈને મણિપુર તરફ આગળ વધી રહી છે, જ્યારે પૂર્વ ઉત્તર પ્રદેશમાં સાયક્લોનિક સર્ક્યુલેશન પણ સક્રિય હોવાથી કેટલીક જગ્યાએ વરસાદી પ્રવૃત્તિ જોવા મળી શકે છે. દરિયાકાંઠાના વિસ્તારો માટે પણ હવામાન વિભાગે ખાસ ચેતવણી જાહેર કરી છે. દરિયાકાંઠે આગામી બે દિવસ દરમિયાન 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને તેની ગતિ 60 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવાની સલાહ આપવામાં આવી

...અનુસંધાન પાના 5 પર

# બેગમપુરામાં કૂતરાઓએ બકરી ફાડી ખાતાં હવે બાળકો પર હુમલાનો ભય

**તંત્રના** પાપે રખડતાં કૂતરાઓનો ત્રાસ ઘટતો નથી, શું બાળકો ભોગ બને તેની રાહ જોવાઈ રહી છે?, રહીશોનો આક્રોશ



સુરતઃ તંત્રના પાપે સુરતમાં રખડતા કૂતરાંનો ત્રાસ ઓછો થતો જ નથી. બેગમપુરા વિસ્તારના તુલસી ફળિયામાં રખડતા અને હિંસક બનેલા 4 કૂતરાએ એક બકરી પર એકસાથે જીવલેણ હુમલો કરી ફાડી ખાતા સ્થાનિક રહીશોમાં ભારે ભય વ્યાપી ગયો છે. વાઈરલ થયેલા સીસીટીવીની ફુટેજમાં જે રીતે રખડતા કૂતરાં દ્વારા આજે બકરી પર હુમલો કરાયો છે પરંતુ ગમે ત્યારે બાળકનો પણ ભોગ લે તેવી ભીતિથી રહીશો ફફડી રહ્યા છે.

સ્થાનિક રહીશો દ્વારા આ ઘટનાને પગલે ભારે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. રહીશો દ્વારા આક્રોશ સાથે જણાવાયું છે કે, 'આજે તો આ 4 કૂતરાએ એક અબોલ પશુ પર હુમલો કરીને તેને મોતને ઘાટ ઉતારી દીધી, પણ શું હવે પાલિકાનું તંત્ર કોઈ નાના બાળક કે રાહદારી પર હુમલો થાય અને કોઈનો જીવ જાય તેની રાહ

...અનુસંધાન પાના 5 પર

# દરમાં પાણી ભરાતાં 4 દિવસમાં 350થી વધુ ઝેરી સાપ પકડાયા

**સુરતમાં** ચાર દિવસમાં સાપના 500થી વધુ કોલ, કોબ્રા અને રસેલ વાયપર જેવા 150 જેટલા ઝેરી સાપ હજી પણ ફરી રહ્યા છે

સુરતઃ 7 જુલાઈએ સુરત શહેરમાં પડેલા ભારે વરસાદ અને ત્યારબાદ આવેલી ખાડીપૂરની સ્થિતિએ અનેક વિસ્તારોનું જનજીવન ખોરવી નાખ્યું હતું. હવે મોટાભાગના વિસ્તારોમાંથી પાણી ઓસરવા લાગ્યું છે, પરંતુ લોકો માટે નવી મુશ્કેલી ઊભી થઈ છે. પાણી ઉતરતાં જ રહેણાંક વિસ્તારોમાં સાપો નીકળવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે નાગરિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

શહેરમાં કાર્યરત નેચર ક્લબ અને પ્રયાસ સંસ્થાને છેલ્લા ચાર દિવસમાં સાપ દેખાયા અંગે 500થી વધુ કોલ મળ્યા છે. આ કોલના આધારે બંને સંસ્થાની રેસ્ક્યુ ટીમોએ વિવિધ વિસ્તારોમાં કામગીરી હાથ ધરી હતી, જેમાંથી અંદાજે 70 ટકા કોલમાં સફળ રેસ્ક્યુ કરીને 350થી વધુ સાપોને સુરક્ષિત રીતે પકડીને રહેણાંક વિસ્તારોથી દૂર છોડવામાં આવ્યા છે. રેસ્ક્યુ દરમિયાન કોબ્રા અને વાયપર જેવા અત્યંત ઝેરી સાપ પણ મળી આવ્યા છે. આવા ઝેરી સાપ રહેણાંક વિસ્તારોમાં દેખાતા હોવાથી લોકોમાં ચિંતા વધી છે. નિષ્ણાતોનું કહેવું છે કે વરસાદ બાદ પાણી ઓસરવાના દિવસોમાં સાપો વધુ પ્રમાણમાં બહાર નીકળતા હોય છે, તેથી ખાસ સાવચેતી રાખવાની જરૂર છે.

### આ વિસ્તારના સૌથી વધારે સાપ મળ્યાના કોલ

સંસ્થાઓને સૌથી વધુ કોલ ડિંડોલી, વરાછા, પરવટ પાટિયા, ભેસ્તાન, અલથાણ અને વેસુ જેવા વિસ્તારોમાંથી મળ્યા છે. વરસાદી પાણી ઘરો, સોસાયટીઓ અને ખુલ્લા પ્લોટોમાં ભરાઈ જતાં સાપો પોતાના કુદરતી રહેઠાણમાંથી બહાર આવી માનવ વસાહતો તરફ પહોંચી રહ્યા હોવાનું રેસ્ક્યુ ટીમોનું કહેવું છે.

### ઘરની આસપાસ ઝાડીઓ, ભંગાર અને કચરો એકત્રિત ન થવા દે

રેસ્ક્યુ ટીમોએ લોકોને અપીલ કરી છે કે ઘરની આસપાસ ઝાડીઓ, ભંગાર અને કચરો એકત્રિત ન થવા દે, રાત્રિના સમયે ટોર્ચનો ઉપયોગ કરે અને કોઈપણ સાપ દેખાય તો તેને મારવાનો પ્રયાસ ન કરે. તેના બદલે તરત જ પ્રશિક્ષિત રેસ્ક્યુ ટીમ અથવા સંબંધિત સંસ્થાને જાણ કરવી જોઈએ, જેથી સાપને સુરક્ષિત રીતે પકડી શકાય અને કોઈ જાનહાનિ ટાળી શકાય.

### પ્રયાસ સંસ્થાને ચાર દિવસમાં મળેલા કોલ

| તારીખ | કોલ |
|---|---|
| 8 | 187 |
| 9 | 89 |
| 10 | 62 |
| 11 | 94 |
| કુલ | 432 |

# ૮૨ વર્ષના વૃદ્ધે છ વર્ષની બાળકીના ગુપ્તાંગમાં આંગળાં નાંખ્યાં

**બાળકી** લોહીલુહાણ હાલતમાં દાદી પાસે પહોંચી અને હકીકત જણાવી

**ઉશ્કેરાયેલા** લોકોએ વૃદ્ધને ફટકારી લીધો, આરોપી ભરૂચના ગામનો વતની

સુરતઃ ઉમરપાડા વિસ્તારમાં ઘર નજીક રમી રહેલી 6 વર્ષીય બાળકીને 82 વર્ષીય વૃદ્ધ ફોસલાવી પોતાના ઘરે લઈ ગયો હતો. ત્યાં તેણે બાળકીના ગુપ્તાંગમાં આંગળી નાખી દુષ્કર્મનો પ્રયાસ કરતાં બાળકી લોહીલુહાણ થઈ ગઈ હતી. રડતી હાલતમાં ઘરે પહોંચેલી બાળકીએ દાદીને સમગ્ર ઘટના જણાવતાં તેઓ બાળકીને લઈને આરોપીના ઘરે પહોંચ્યા હતા. દાદીની વાતો સાંભળી સ્થાનિક લોકો એકત્ર થઈ ગયા હતા અને આરોપીને માર માર્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી આરોપીને કસ્ટડીમાં લઈ તેના વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉમરવાડા બેઠી કોલોનીમાં રહેતા શ્રમિક મુસ્લિમ પરિવારની ૬ વર્ષીય દીકરી ઘર નજીક રમી રહી હતી ત્યારે ઉમરવાડામાં જ રહેતાં ૮૨ વર્ષીય વૃદ્ધ મુસા મોહમદ મંન્સૂરીએ તેની પર નજર બગાડી હતી. ઘરમાં કોઈ હાજર નહીં હતું ત્યારે નરાધમે તેને ફોસલાવી ઘરે બોલાવી તેના ગુપ્તાંગમાં આંગળી નાંખી દીધી હતી. આ હેવાનિયતને કારણે બાળકીને અસહ્ય દુઃખાવો ઉપડ્યો હતો અને લોહી નીકળવા (બ્લીડીંગ) લાગ્યું હતું. બાળકીએ દર્દથી કાયર થઈ બૂમો પાડતા નરાધમે

...અનુસંધાન પાના 5 પર


ટેમ્પો ડ્રાઈવર જોઈએ છે
૪ ચક્કા કોમર્શિયલ માટે LMV-TR લાઈસન્સ ધરાવતા ડ્રાઈવરો જોઈએ છે. (સંખ્યા-૨૦)
પગાર માસીક: ૧૮,૦૦૦/-
ટેમ્પો સુરત સીટીમાં ચલાવવાના રહેશે.
રહેવાની વ્યવસ્થા કરી આપીશુ.
98792 07606



દુઃખદ અવસાન-સંયુક્ત બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતા શ્રી જયંતિભાઈ લખુભાઈ પટેલનું તા: ૧૧-૦૭-૨૦૨૬ શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું સંયુક્ત બેસણું સોમવાર તા. ૧૩-૦૭-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧:૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

લિ. અરૂણભાઈ જયંતિભાઈ પટેલ(ઘંટીવાલા)
શૈલેષભાઈ જયંતિભાઈ પટેલ(ઘંટીવાલા)
વૃતિક અરૂણભાઈ પટેલ
જતિન શૈલેષભાઈ પટેલ
તથા સમસ્ત ઘંટીવાલા પરિવાર

સ્વ. જયંતિભાઈ લખુભાઈ પટેલ (ઘંટીવાલા)
સ્વ.તા: ૧૧-૦૭-૨૦૨૬
બેસણાનું સ્થળ :રૂઢં-મગદલ્લા, પાદર સ્ટ્રીટ, સુરત.

દુઃખદ અવસાન-બેસણું



સવિનય સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી ગં.સ્વ. લક્ષ્મીબેન મગનભાઇ પટેલનું અવસાન તા.૧૦-૦૭-૨૦૨૬ને શુક્રવારનાં રોજ થયેલ છે. પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.
બેસણું તારીખ ૧૩-૦૭-૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ કલાકે રાખેલ છે.
શોકાતુર
શ્રી અનિલભાઇ મગનભાઇ પટેલ શ્રી જયેશભાઇ મગનભાઇ પટેલ
શ્રી વિરાટકુમાર અનિલભાઇ પટેલ શ્રી ગૌરાંગકુમાર અનિલભાઇ પટેલ
શ્રી કૃતિકભાઇ જયેશભાઇ પટેલ શ્રી ભાગ્યેશભાઇ જયેશભાઇ પટેલ
કિશીવ-ધ્યાન
તથા સમસ્ત મચવાવાલા પરિવાર
મો.નં. ૯૮૨૫૧ ૨૭૯૯૬, ૯૯૨૫૦ ૩૮૯૨૩
સ્વ. લક્ષ્મીબેન મગનભાઇ પટેલ
સ્વ.તા.૧૦/૦૭/૨૦૨૬
રૂંઢ-મગદલ્લા-પાદર સ્ટ્રીટ, મેઇનરોડ, મગદલ્લા, વી.આર.મોલ પાછળ,ડુમસરોડ-સુરત.

મારા વ્હાલા મયુરદાદાને શ્રધ્ધાંજલી



આપના અચાનક અવસાનના સમાચારથી અમને અત્યંત દુઃખ થયું છે. આપની પ્રેમાળ સ્મૃતિઓ, સરળ સ્વભાવ અને સ્નેહભર્યો વ્યવહાર હંમેશા અમારા હૃદયમાં જીવંત રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને શાશ્વત શાંતિ અર્પે તથા શોકસંતપ્ત પરિવારજનોને આ અપૂર્ણ ક્ષતિ સહન કરવાની શક્તિ અને ધૈર્ય પ્રદાન કરે તેવી પ્રાર્થના.
લિ.
હરિશ નચરામભાઈ દાવલે- કાકા
પૂર્ણિમાં હરિશ દાવલે- કાકી
સાગર હરિશ દાવલે- ભાઈ (USA)
સ્વ. મયુર અશોકભાઈ ગવલી
જન્મ તા. ૦૧-૦૯-૧૯૭૮
સ્વ. તા. ૧૧-૦૭-૨૦૨૬

અવસાન / બેસણું



સ્વ. સ્મિતા જયેશકુમાર વર્મા
અક્ષરધામગમન: ૧૦ જુલાઈ, ૨૦૨૬
પ્રાર્થનાસભા
સોમવાર, તા. 13 જુલાઈ 2026 સાંજે 4 થી 6
સ્થળ :- શ્રી સુરત પાંજરાપોળ ટ્રસ્ટ હોલ, બેંક ઓફ બરોડા સામે, ઘોડદોડ રોડ, સુરત.
- : શોકાતુર :-
જયેશ કીર્તિકુમાર વર્મા,
અનોખી અને કુનાલ રાયઠઠા, હૃદયમ વર્મા,
દિવ્યેશ, પ્રીતી, પાર્થ અને નિકિતા વર્મા, હેમા, ડૉ. દિપક,
ડૉ. ચૈલ અને ડૉ. અનન્ય શાહ, પરાગ, રાગિણી અને
હિયા રાજા, રશ્મિ, અનિલ અને દેવાંશી જોશી

૮ મી પુણ્યતિથિએ સ્નેહભરી શ્રદ્ધાંજલિ



જીવનની દરેક સ્મૃતિ મળી,
પણ કલ્પવૃક્ષ સમી આપની છાયા ક્યાંય ન મળે.
આપની જીવનયાત્રાનાં સંસ્મરણો અને વાત્સલ્યભરી સ્મૃતિ સદા અમારા જીવનમાં પ્રેરણા બની રહે અને તમે સિંચેલા સંસ્કાર તથા આશિર્વાદ અમને સદાય સદ્‌માર્ગે દોરશે.
એવી અંતરની ભાવના સહ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.
લિ. ગં.સ્વ.રેવાબેન નટવરભાઈ પટેલ (પત્ની)
જીતેન્દ્રભાઈ નટવરભાઈ પટેલ (પુત્ર)
અ.સૌ. હેમાબેન જીતેન્દ્રભાઈ પટેલ(પુત્રવધુ)
પંકજભાઈ નટવરભાઈ પટેલ (પુત્ર)
અ.સૌ. શિલ્પાબેન પંકજભાઈ પટેલ (પુત્રવધુ)
રીયા, કુશલ, મંથન, શ્રીયા તથા સહ પરિવાર
સ્વ. નટવરભાઈ બાલુભાઈ પટેલ
જન્મ તા.૩૦/૦૫/૧૯૪૬
સ્વ. તા.૧૨/૦૭/૨૦૧૮

ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



"ત્રણ વર્ષ વીતી ગયા, છતાં આપની યાદો આજે પણ એટલી જ તાજી છે. આપનું સ્મિત, આપનો સ્નેહ અને આપના સંસ્કારો અમારા જીવનમાં હંમેશા પ્રકાશ બની રહેશે. ઈશ્વર આપના દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થના."
લિ.
ગં. સ્વ. લલિતાબેન રામભાઈ પટેલ (પત્ની)
પ્રદિપભાઈ રામભાઈ પટેલ (પુત્ર)
પ્રવિણભાઈ રામભાઈ પટેલ (પુત્ર)
શૈલેષભાઈ રામભાઈ પટેલ (પુત્ર)
સ્વ. રામભાઈ બાલુભાઈ પટેલ
સ્વ. તા. ૧૨-૦૭-૨૦૨૩

હાર્દિક શ્રદ્ધાંજલિ



તમારી અણધારી વિદાયથી હમો અને હમારો પરિવાર દુઃખની લાગણી અનુભવીએ છીએ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
સ્વ. નટવરલાલ સીંગાપુરી
ગં.સ્વ. સરોજબેન નટવરલાલ સીંગાપુરી
અજય નટવરલાલ | રીટા પ્રકાશ ચંન્દ્ર
નીતા અજયકુમાર | સ્મિતા રાજેશકુમાર
ધ્રુવ અજયકુમાર | શીતલ પરેશકુમાર
દિશા ધ્રુવકુમાર
જુગલ, ભૂમિ, ચિરાગ, રિયા, હરીન, નિધી, હર્ષ, ધ્રુવી, કિષ્ના તથા સમસ્ત સીંગાપુરી પરિવાર
સ્વ. મયુરકુમાર અરવિંદભાઈ ભગતવાલા
જન્મ તા. ૦૮-૧૧-૧૯૭૪
સ્વ. તા. ૦૮-૦૭-૨૦૨૬